માન્યતાઓ પર આપની સમજ શું છે ? તમારા ૨૦૧૯ના ચુંટણી ઘોષણાપત્રમાં 'સ્વરાજ' શિર્ષક અંતર્ગત દાનરૂપમાં અનેક ચીજો રાખવામાં આવી છે; જેમ કે નળ દ્વારા પીવાનું પાણી, આવાસ અને રસ્તાઓ પુરા પાડવા. મને એવું કંઇ ના દેખાયું જે ગામડાંને પોતાના ભવિષ્યનો નિર્ણય કરવા માટે સશક્ત કરે.

મોદીજી : પરંતુ તેમની પ્રાથમિક જરૂરિયાતો તો અમારે પુરી પાડવી પડશે ને ?! અને અમે એમને ઇન્ટરનેટની સારી સુવિધા આપી છે, જનધન યોજનાનો લાભ આપ્યો છે અને તેના ફળસ્વરૂપે ઘણા રૂપિયા સુધી એ લોકો પહોંચી શક્યા છે. શું પોતાના ભાગ્યના નિર્માણ માટે એક ગામડાને આટલું મળ્યું હોય એ પુરતું નથી ?

ગાંધીજી : છે, પરંતુ 'આત્મનિર્ભરતા'ની વ્યાખ્યા જે મેં આપી છે એ કંઇક આવી છે - આત્મનિર્ભર ગામડાનો અર્થ છે કે, પોતાની જરૂરતો જાતે પુરી પાડવી અને પોતાનું શાસન પોતે ચલાવવું ! ના કોંગ્રેસ, ના ભાજપ કે ના દિલ્હીની ગાદી પર બેઠેલા કોઇ પણ પક્ષે એવું કોઇ પગલું નથી ભર્યું જેનાથી ૭૩ અને ૭૪માં સંવૈધાનિક સંશોધનો અનુસાર પંચાયતો અને શહેરી વોર્ડને યથાર્થ સ્વરૂપમાં વિકેન્દ્રિકરણ ના થઇ શકે. સાચું પૂછો તો તેમની નાણાકીય અને કાનુની સત્તાને કમજોર બનાવવામાં આવી છે. રાષ્ટ્રના કહેવાતા 'વિકાસ'ના નામે તમે પુરી સત્તા પોતાના હાથમાં લઇ રાખી છે જેના માધ્યમે લોકોના જળ, જંગલ, જમીન અને આજીવિકાને આસાનીથી છીનવૈઇ શકાય. મને માહિતી મળી છે તમારા પ્રધાનમંત્રી બની રહેવાના બે કાર્યકાળ દરમ્યાન સરકાર દ્વારા જમીનના કબ્જા મેળવવાનું વધી રહ્યું છે. આપનું પર્યાવરણ મંત્રાલય ખાણ, બંધ અને ઉદ્યોગની પ્રત્યેક યોજનાને મંજૂરી આપવામાં ખૂબ જ તત્પરતાથી કામ કરી રહ્યું છે. ૧૯૯૧ બાદની ભારતની દરેક સરકારે વિકાસના નામે ઉપભોક્તાવાદને પ્રોત્સાહન પૂરૂં પાડ્યું છે. આ તો આત્મનિર્ભરતા માટેનો જે સરળ માપદંડ છે તેનાથી વિપરીત છે, આવી પરિસ્થિતિમાં કેવી રીતે લોકો 'સ્વરાજ'ને પ્રાપ્ત કરી શકે ?!

મોદીજી : ગાંધીજી હું આપના પ્રતિ ઉચિત આદરભાવ રાખું છું. આપ જાણતા જ હશો કે ગામડાના લોકો બાળકો જેવાં હોય છે. સરકારે એમને મદદ કરવી જોઇએ. અને વિકાસ માટે અમને ઉદ્યોગોને આપવા માટે એમની જમીન લેવી જ પડે. લોકોને રોજગાર મળે, એ લોકો ગરીબીમાંથી ઉગરી શકે, એ માટે બીજું શું કરી શકાય ભલા ?

ગાંધીજી : અરે ભાઇ ! આનાથી આસાન રીત છે સ્થાનિક, શ્રમિકો આધારિત વિકેન્દ્રિત ઉત્પાદન... નહિં કે દુનિયાની મોટી કંપનીઓને લાવવી જોઇએ જે પોતાના દરેક કામ મશીનો પાસે કરાવતી હોય. પરંતુ તમે તો ઉલ્ટાનું હેન્ડલુમ પર જીએસ્ટી લગાવી દીધું. મને ખબર પડી છે કે આપના પક્ષ દ્વારા શાષિત કેટલાક પ્રદેશોએ શ્રમ કાયદાઓને માળીએ ચડાવી દીધા છે !

